## ➢ નગરપાલિકા દ્વારા ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :–

### ❖ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો ટૂંકો ઈતિહાસ :–

અર્વાચીન શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો પ્રારંભ ૧૭ મી સદિના ઉતરાર્ધમાં થયો. ઈસ્ટ ઈન્ડિયા કંપની એ સૌથી પહેલાં મદ્રાસ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના કરી. તે પછી કલકતા અને બોમ્બેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો સ્થાપી. ઈસ્ટ ઈન્ડિયા કંપની સમગ્ર દેશમાં પોતાનું રાજકીય આધિપત્ય સ્થાપવામાં મશગૂલ હતી. સ્થાનિક લોકોની સુખ સુવિધા માટે તે પોતાના નાણાં કે શકિત ફાજલ પાડી શકે તેમ નહોતી. તેથી તેણે પોતાની જવાબદારી ટાળવાના હેતુથી આ કોર્પોરેશનો સ્થાપી. તેમાં કંપનીને વફાદાર હોય તેવા સભ્યોને નીમવામાં આવ્યા હતાં. અને સ્થાનિક સેવાઓ માટે સ્થાનિક કર નાખવાની જોગવાઈ કરવામાં આવી હતી. સમગ્ર ભારત માટે ૧૮૫૦માં મ્યુનિસિપલ કાયદો ઘડાયો હતો. સને ૧૮૫૭ના ૧લા સ્વાતંત્રય વિપ્લવ બાદ મહારાણી વિકટોરિયાએ ઈન્ટ ઈન્ડિયા કંપની પાસેથી ભારતનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો. તે પછી ૧૮૭૨માં નવો કાયદો થયો. આ કાયદા હેઠળ ૧૮૭૨માં મુંબઈ પ્રાંતમાં ૧૬૮ નગરપાલિકાઓ રચી હતી. સૌથી મહત્વનો સીમાસ્થંભ ગવર્નર જનરલ લોર્ડ રિપનના કાર્યકાળ દરમ્યાન રોપાયો. લોર્ડ રિપને સને ૧૮૮૪માં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ લોક પ્રતિનિધિત્વવાળી બને તે દિશામાં પગલાં ભર્યા. આથી લોર્ડ રિપન ભારતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પિતા ગણાય છે.

સને ૧૯૦૧માં મુંબઈ ઈલાકામાં ડિસ્ટ્રિકટ મ્યુનિસિપલ એકટ અને સને ૧૯૨૫માં બરો મ્યુનિસિપલ એકટ નગરપાલિકાઓના સંચાલન માટે ઘડાયા હતા. ગુજરાતના બ્રિટિશ હકૂમતવાળા વિસ્તારમાં આ કાયદાઓ અન્વયે નગરપાલિકાઓનું સંચાલન થતું હતું ઉપરાંત ગુજરાત સૌરાષ્ટ્રમાંના અનેક દેશી રજવાડાં જેવાં કે વડોદરા, ગોંડલ, ભાવનગર, પોરબંદર વગરેએ પણ નગરપાલિકાના સંચાલન માટે કાયદા ઘડયા હતા.

આઝાદી પછી જે બંધારણ ઘડાયું તેમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો વિષય રાજયોના અખત્યારમાં મૂકવામાં આવ્યો. જુદા જુદા રાજયોએ પોતપોતાના દષ્ટિકોણથી આ સંસ્થાઓ અંગેના કાયદા કર્યા. આ સંસ્થાઓ ખરેખરા અર્થમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ બને તેવા નિષ્ઠાવંત પ્રયત્નો બહું ઓછા રાજયોએ કર્યા હતા. આથી સને ૧૯૯૨માં ગ્રામીણ વિસ્તારની પંચાયતની રાજય સંસ્થાઓ સબંધમાં ૭૩મો બંધારણીય સુધારો અને શહેરી વિસ્તારોના સંબંધમાં ૭૪મો બંધારણીય સુધારો ઘડયો, અને આ સુધારાઓને અનુરૂપ ૧ વર્ષમાં પોતાના કાયદા સુધારવાનો બંધારણીય આદેશ રાજયોને અપાયો. આથી ૭૪મા બંધારણીય સુધારાને અનુરૂપ ગુજરાત વિધાનસભાએ નગરપાલિકાઓને અને નગરપંચાયતોને આવરી લેતા મહત્વના સુધારાઓ ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં સને ૧૯૯૩માં કર્યા છે.

❖ જેતપુર નવાગઢ નગરપાલિકાની સ્થાપના :–

જેતપુર નગરપાલિકાની સ્થાપના ૧૯૫૦માં થયેલ છે. જેતપુર શહેરની નજીકમાં આવેલ નવાગઢ વિસ્તાર ડિસેમ્બર ૧૯૯૫માં જેતપુર નગરપાલિકા વિસ્તારમાં ભળી જતાં ત્યારથી જેતપુર નવાગઢ નગરપાલિકા બનેલ છે.

❖ નગરપાલિકાની વસ્તી અને વિસ્તાર, વોર્ડ રચના, ભૌગોલિક સ્થાન :–

- સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે જેતપુર નવાગઢ નગરપાલિકાની વસ્તી :–
  પુરૂષ : ૫૪,૭૭૨ સ્ત્રી : ૪૯,૫૩૯ કુલ વસ્તી : ૧,૦૪,૩૧૧

- વિસ્તાર :– નગરપાલિકાનો વિસ્તાર અંદાજે ૩૬.૪૪ કિ.મી. માં ફેલાયેલ છે.
- વોર્ડ :– ૧૯૯૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે નગરપાલિકાના વોર્ડની સંખ્યા ૧૨ છે.
  ૨૦૦૧ ની વસ્તી ગણત્રી અન્વયે ૧૪ વોર્ડ ની રચના સરકારશ્રી દવારા હાથ ધરાનાર છે.
- નગરપાલિકાનું ભૌગોલિક સ્થાન :– ૨૧.૫૮ ઉ. અક્ષાંશ તથા ૭૦.૫૦ પૂ. રેખાંશ
- સરેરાશ વરસાદ :– નગરનો સરેરાશ વરસાદ ૧૬" છે.

❖ મુખ્ય ઉદ્યોગ :–

જેતપુર શહેર કોટનની સાડી તથા ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.

❖ નગરપાલિકાની કચેરીનો સમય :–

નગરપાલિકાની કચેરી રવિવાર તથા બીજો, ચોથો શનિવાર અને જાહેર તથા સ્થાનિક રજાઓ દરમિયાન બંધ રહે છે. કચેરીનો સમય સવારના ૧૦ : ૩૦ થી ૬ : ૧૦ નો છે. રીસેષ ટાઈમ બપોરના ૨ : ૦૦ થી ૨ : ૩૦ નો છે.

❖ જેતપુર નવાગઢ નગરપાલિકાનાં વર્તમાન હોદે દારો :–

- શ્રી અજીતસિંહ આર. જાડેજા
  પ્રમુખશ્રી, જેતપુર નવાગઢ નગરપાલિકા

- શ્રી ગફારભાઈ લાખાણી
  ઉપપ્રમુખશ્રી, જેતપુર નવાગઢ નગરપાલિકા

- શ્રી અરવિંદભાઈ નિર્મળ
  ચેરમેનશ્રી કારોબારી સમિતિ

○ શ્રી વાય. કે. દેસાઈ
ચીફ ઓફિસરશ્રી, જેતપુર નવાગઢ નગરપાલિકા

❖ નગરપાલિકાના ચુંટાયેલ સદસ્યશ્રીઓની નામાવલી :–

| વોર્ડ નં. | ચુંટાયેલ સદસ્ય શ્રીનું નામ | સરનામું | ફોન નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી રાકેશભાઈ બચુભાઈ ગોહેલ | જાગૃતિપરા શેરી નં.પ ગોહેલ નિવાસનવાગઢ | R. 229640 |
| | શ્રી વૃજલાલ જેરામભાઈ રાદડીયા | સરધારપુર દરવાજા પાસે, નવાગઢ | R. 225046 |
| | શ્રીમતી રસીલાબેન વી. કમાણી | સરધારપુર દરવાજાવ પાસે, નવાગઢ | R. 224535 |
| 2 | શ્રી અરવિંદભાઈ વસંભાઈ નિર્મળ | ફુલવાડી શેરી નં. એ. ૪ જેતપુર | R. 220980 |
| | શ્રી નીતીનભાઈ વ્રજલાલ વાછાણી | જુના પાંચ પીપળારોડ, ભદ્રાવતી સોસાયટી | R. 220984 |
| | શ્રીમતી શારદાબેન એ. નિર્મળ | ફુલવાડી શેરી નં. એ ૪ જેતપુર. | R.220980 |
| 3 | શ્રીમતી દક્ષાબા ભીખુભા ગોહેલ | પટેલ નગર , કડવા પટેલ સમાજ સામે. | R. 226390 |
| | શ્રી સોમાભાઈ બેચરભાઈ રેવર | જુના હરીજનવાસ, નવાગઢ. | P.P. 224430 |
| | શ્રી ગફારભાઈ વલીભાઈ લાખાણી | ખાટકીવાડ, અનાજનાં ગોડાઉન સામે નવાગઢ | R. 223518 |
| 4 | શ્રી અજીતસિંહ રામુભા જાડેજા | વિવેકાનંદ સોસાયટી કોલેજ પાછળ, જેતપુર. | R. 222051 |
| | શ્રીમતી પ્રભાબેન છોટાલાલ ટાટમીયા | હવેલીશેરી, મોટાચોક, જેતપુર | R.221319 |
| | શ્રી વલકુભાઈ જીવાભાઈ ગોવાળીયા | જાગૃતિનગર , જેતપુર | R. 224163 |
| 5 | શ્રીમતી પ્રભાબેન એમ. બોસમીયા | નવાગઢ રેલ્વેસ્ટેશન સામે, ચિત્રકુટ | R.220636 |
| | શ્રી જેસુખભાઈ નથુભાઈ ગુજરાતી | ખોડીયાર કૃપા, ગુજરાતીની વાડી, જેતપુર | R.228300 |
| | શ્રી વિનુભાઈ નાનજીભાઈ કંડોળીયા | કંડોળીયાવાડી, પાંચપીપળા રોડ, જેતપુર | R. 228016 |
| 6 | શ્રી અયુબભાઈ સીતારભાઈ તરખેસા | ચકીવાળી શેરી, લાદી રોડ, જેતપુર | O. 225925 |
| | શ્રી અશ્વીનભાઈ પી. રામચંદાણી | ઉધીશેરી, જેતપુર | R. 229894 |
| | શ્રીમી શીરીનબાનુ હનીફભાઈ આરબ | ફુલવાડી, ચાંદની ચોક, જેતપુર | P.P. 228016 |
| 7 | શ્રી મુકેશભાઈ ચમનભાઈ જોષી | મહાદેવશેરી, મોટાચોક, જેતપુર | R.224641 |
| | શ્રીમતી લાભુબેન માધાભાઈ વેગડા | ફુલવાડી ભાદર રોડ, જેતપુર | R.227252 |
| | શ્રી વીજયભાઈ મનસુખલાલ વ્યાસ | કામદાર શેરી, ઉજડપા જેતપુર | O.228384 |
| 8 | શ્રી ઈકબાલભાઈ મામદભાઈ મુસાણી | નાનાચોક, તકીયાશેરી, જેતપુર | R. 222786 |
| | શ્રી માંડણભાઈ નારણભાઈ લુણી | ચાંપરાજનીબારી, જેતપુર | R. 225044 |
| | શ્રીમતી વિજયાબેન કાન્તીભાઈ પરમાર | નવાદરવાજા, વણકરવાસ , જેતપુર | P.P. 228201 |
| 9 | શ્રી રાજેશભાઈ જી. ઉસદડીયા | બાવાવાળાપરા, પટેલ ચોક, જેતપુર | R. 224650 |
| | શ્રીમતી વિજયાબેન બી. બરવાડીયા | ખોડપરા, ગોપાવાડી પાસે, જેતપુર. | R. 223507 |
| | શ્રી વલ્લભભાઈ એમ. સખરેલીયા | બાવાવાળા પરા, ગૌશાળા પાસે, જેતપુર | R. 222610 |
| 10 | શ્રીમતી ભાવનાબેન ચંદુલાલ રાદડીયા | "વિજેતા" દેશાઈ વાડી, તેજાકાળા પ્લોટ | R.223224 |
| | શ્રી મહેશભાઈ દેવશીભાઈ ડોબરીયા | કૃષ્ણનગર, બ્લોક નં. ૩પ, બ્રહમાણી કૃપા, | R.220796 |
| | શ્રી વલ્લભભાઈ મોહનભાઈ વઘાસીયા | દેશાઈવાડી, શામનાથમંદિર પાછળ, | R. 222289 |
| 11 | શ્રીમતી મૂકતાબેન એન. નંદાણીયા | બાવાવાળાપરા મેઈન રોડ, જેતપુર | R. 229593 |
| | શ્રી ભુખુભાઈ ભનુભાઈ દેસાઈ | બાવાવાળા પરા, ચોરાપાસે, જતેપુર | R. 222881 |
| | શ્રી જેન્તીભાઈ બચુભાઈ ઠેસીયા | બાવાવાળા પરા, ભુતીયા મહેલ પાસે, | R. 221729 |
| 12 | શ્રીમતી દિવાળીબેન જગુભાઈ ગોહેલ | ટાકુડીપરા, શેરી નં. ૪ જેતપુર | R. 228764 |
| | શ્રી રાજેશભાઈ પોપટભાઈ વેકરીયા | વેકરીયા નગર, જનતાનગર પાછળ , | R. 222371 |
| | શ્રી પરબતભાઈ આર. માલવિયા | ટાકુડિપરા, શેરી નં. ૧૩ જેતપુર | P.P. 226100 |

❖ નગરપાલિકાની વડી કચેરીઓ :–

○ જીલ્લા સ્તરે : – જીલ્લા કલેકટરશ્રી,
કલેકટર કચેરી, રાજકોટ.

○ પ્રદેશ સ્તરે : – શ્રી પ્રદેશિક નગરપાલિકા નિયામક
કલેકટર કચેરી કમ્પાઉન્ડ,રાજકોટ.

○ રાજય સ્તરે : – સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ,
૧૪ મો બ્લોક, નવમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

❖ ન.પા. તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ :–

○ નગરપાલિકા દ્વારા પુરી પડાતી સેવાઓ અસરકારક અને કાર્યક્ષમ રીતે ચલાવી શકાય તે અર્થે નાગરીકો ન.પા.નાં તમામ કરવેરા નિયમીત રીતે અચૂક જમા કરાવે.
○ શહેર સ્વચ્છ અને સ્વસ્થ રાખવા નાગરીકો ઘન કચરાનો ઉત્પતિ સ્થળે જ સંગ્રહ કરે, જાહેર માર્ગો ઉપર છુટો ન નાખે તથા ન.પા. દ્વારા મૂકાયેલા કન્ટેઈનર માં જ તેનો નિકાલ કરે.
○ શહેર ને હરીયાળુ બનાવવા સામાજીક બૃહદ વનીકરણ ઝુંબેશમાં નાગરીકો પોતાનું સક્રીય યોગદાન આપે.
○ નગરપાલિકાની તમામ સેવાઓ નો નાગરીકો વિવેક પુર્ણ રીતે સંયમિત રીતે ઉપયોગ કરે.
○ નાગરીકો પોતાની તમામ પ્રકારની ફરીયાદો, સુચનો , રજુઆતો , માંગણીઓ, નગરપાલિકા કચેરીમાં આવેલા નાગરીક સુવિધા કેન્દ્રમાંજ આપવાનો આગ્રહ રાખે.
○ નાગરીકો નગરપાલિકાને તેના કાર્યો અને ફરજો બજાવવામાં પુરતો સહયોગ આપે.
○ નાગરીકો પોતાની માલિકી ની જગ્યા સિવાયની કોઈ પણ જમીન કે જાહેર માર્ગો ઉપર ગેરકાયદેસર દબાણ ઉભુ ન કરે.
○ નાગરીકો ટ્રાફીક અને પાર્કીગનાં નિયમોનો ચુસ્તપણે અમલ કરે.